# <u>ત્રણ તમંચા સાથે છ યુવક ઝડપાયા.</u>

તા.૦૨/૦૪/૨૦૧૭

સચીન જી.આઇ.ડી.સી. વિસ્તારમાંથી પોલીસે એક તમંચા સાથે ચાર યુવકોને ઝડપી લીધા હતા. આ યુવકો તપાસમાં તેમણે બે તમંચા વેચ્યા હોવાનું બહાર આવતા પોલીસે એ બે જણાને પણ પકડી તમંચા કબજે લીધા હતા. સચીન જી.આઇ.ડી.સી. પોલીસ મથકના સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર સર્વેલન્સ સ્ટાફે બાતમીના આધારે જી.આઇ.ડી.સી. માં રોડ નંબર પાંચની ચોકડી પાસેથી ચાર યુવકોને ઝડપી લીધા હતા. મોટર સાયકલ ઉપર ફરતા ઝડપાયેલા સંદીપ ઉર્ફે બોબી ક્રિશ્નાભાઇ સરોજ, ઇશ્તીયાક હૈદરઅલી અંસારી, નુરઆલમ ઇકબાલ હુસેન અંસારી તથા તૌફિક મહેબુબ મેમણ પાસેથી એક તમંચો અને કારતુસ મળી આવ્યા હતા. આ ચાર યુવકોની તમંચા વેચ્યાની વાત બહાર આવી હતી. ટોળકીની કબુલાતના આધારે પોલીસ સોનું રામનછત્ર મોર્ય અને બુલેટ ઉર્ફે અજય અમલભાઇ પ્રસાદને પકડી તેઓ પાસેથી તમંચા કબજે લીધા હતા.